**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૫/૮/૨૦૧૪ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી ૬૫ વ્યક્તિઓને ઝડપી ૪૪૨ લીટર દેશી દારૂ અને ૫૪ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૨૮ વ્યક્તિને ઝડપી કુલ રૂપિયા ૩૮,૫૯૫/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૦/૧૪**

**સરદારનગરઃ** ભરતભાઈ મણીભાઈ લેઉઆ (૫૩) (રહે.સમરથ સોસાયટી સરદારનગર) અને ભરતભાઈની પત્ની વચ્ચે છેલ્લા ૧૭ વર્ષથી ઝગડા ચાલતા હોય અને તેમના પત્ની તોછડાયુ વર્તન કરતા હોય શંકા કરતા હોય જેની અસર પોતાની છોકરીઓ ઉપર પડતી હોય અને નાની દીકરી ફાલ્ગુની મંદબુધ્ધીની હોય તેના ઉપર આ ઝગડાથી ખરાબ અસર થયેલ હોય આ ઝગડાથી કંટાળી ભરતભાઈએ ગઇકાલ તા.૨૪/૮/૧૪ બપોરના ૨/૩૦ થી ૧૪/૪૫ વાગ્યા દરમ્યાન ભરતભાઈએ બન્ને દીકરીઓ ભુમીકા (ઉ.વ.૨૪) અને ફાલ્ગુની (ઉ.વ.૧૯) નાઓ પૈકી ભુમીકાને ઉંઘની ગોળીઓ ૧૨ જેટલી વાટી ખીચડીમાં નાખી ખવડાવી બેહોશ કરી દોરડા વડે ગળે ટુંપો આપી પાઇપથી દોરડાને આંટી વાળી મોત નીપજાવ્યુ હતુ. ત્યારબાદ ફાલ્ગુનીને કાચના ગ્લાસમાં ઉંઘની આઠેક ગોળીઓ વાટી નાંખી સ્લાઇસ ઠંડુ પાણી પીવડાવી બેહોશ કરી દોરડા વડે ગળે ટુંપો આપી પાઇપના વળ ચડાવી મોત નીપજાવ્યુ છે. આ અંગેની ફરીયાદ ભરતભાઈએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવતા સરદારનગર પોલીસે ખુનનો ગુનો નોધી ભરતભાઈની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે કે પટેલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૧/૧૪**

**નરોડા :** દિપકભાઇ લાલજીભાઇ પટેલ (રહે.સુંદરવન સોસાયટી, નિકોલ ગામ રોડ, વેરાના કાંઠે, નવા નરોડા) એ તા.૨૪/૮/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૮/૧૪ સવારનાં ૯/૩૦ વાગ્યાના સુમારે ઠક્કરનગર નરોડા, રતનબા સ્કુલ પાસે આવેલ શાક માર્કેટ નજીકથી દિપકભાઇ પટેલની સાળી હિરલબહેન રતિલાલ વસાવા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.વાળા ચલાવે છે.

**નારણપુરા** જશીબેન અમરતભાઇ પરમાર (મેતીયા) (રહે. ગોરા કુંભારની ચાલી માનવ સાધના સંસ્થાની સામે રામાપીરનો ટેકરો નવાવાડજ) એ તા.૨૪/૮/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે  દોઢેક મહીના પહેલાં રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી જસીબહેનની ભાણેજ તેજલ અમરતભાઇ પરમાર (ઉ.વ.૧૬) ને આરોપી વજીર (જેના પુરા નામની ખબર નથી) (રહે.જુહાપુર જેના પુરા સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.જે.પટેલ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૮૨/૧૪**

**દાણીલીમડા :** હસ્નાબાનુ આબિદખાન પઠાન(ઉ.વ.૨૬)(રહે.ખ્વાજાનગર, સુલતાન હોટલ પાસે, દાણીલીમડા) તા.૧૨/૮/૧૪ રાતનાં ૮/૦૦ વાગે પોતાના ઘરે પ્રાયમસમાં કેરોસીન પુરી પ્રાયમસ ચાલુ કરતાં પ્રાયમસમાં ભડકો થતાં હસ્નાબાનુ શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં. ૨૧૮૩/૧૪**

| | |
|---|---|
| **ખોખરાઃ** રીયાબહેન દિલીપભાઇ પંચાલ (ઉ.વ.૧૯)(રહે.ભક્ત પ્રહલાદ સોસાયટી, સોમનાથ સ્કુલ સામે, ખોખરા) તા.૧૧/૮/૧૪ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના ને શ્યામવર્ણા છે. વાદળી રંગનુ જીન્સ પેન્ટ અને સફેદ શર્ટ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ખોખરા પોલીસ સ્ટેશન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **ઓઢવ :** પ્રવિણભાઇ ભાવસિંગભાઇ (ઉ.વ.૪૫)(રહે.ચામુંડાનગર, ઠાકોરવાસ, ઓઢવ) તા.૧૦/૮/૧૪ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. કથ્થઇ રંગનુ શર્ટ  અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૭ ઇંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ઓઢવ :** અલપેશભાઇ કનુભાઇ રાણા (ઉ.વ.૨૧)(રહે.કિષ્ણધામ સોસાયટી, મહેશ્વરી રોડ, ઓઢવ) તા.3૦/૭/૧૪ ના કલાક 3/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ ચોકડીવાળુ શર્ટ અને વાદળી જીન્સ પેન્ટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૬ ઇંચ છે.(ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.